૬

ધોરણ-૧૨માં ઉત્તિર્ણ થનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટેબ્લેટ સહાયના ફાળા પેટે ચુકવેલ રૂ.૧૦૦૦/- પરત ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૪-ન.બા.૩૪૭-અ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૬/૦૧/૨૦૧૯

**વંચાણે લીધા : -**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૪/૯૭૧૪૦/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૩-ન.બા.૩૪૭-અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૪/૯૭૧૪૦/ગ

(૪) શિક્ષણ વિભાગનો તા.૧૨-૦૪-૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૭-૨૬૯-સ

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૩-૦૬-૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ વિજાક/શિક્ષણ/ફ્રી-ટેબ્લેટ-૨૦૧૭-૧૮-૧૭૬૭

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯-૦૬-૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૫/૨૦૧૭-૧૮-૩૬૪૩

**પ્રસ્તાવના : -**

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) સામેના તા.૦૫/૦૮/૨૦૧૪ના અને (૩) સામેના તા.૧૦/૦૯/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિના અને વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) સામેના તા.૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા. કે તેથી વધુ ટકાથી ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે તેમના માતા-પિતા/વાલીની વાર્ષિક આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય ટેબ્લેટ સહાય આપવાની યોજના અમલમાં છે. હવે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪) સામેના તા.૧૨/૦૪/૨૦૧૭ના ઠરાવથી

શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૨ની માન્ય બોર્ડની તમામ પ્રવાહોની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબ્લેટ આપવાની યોજના અમલમાં આવેલ છે. શિક્ષણ વિભાગના આ ઠરાવના અનુસંધાને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૫) સામેના તા.૧૩-૦૬-૨૦૧૭ના પત્રથી અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૬) સામેના તા.૨૯-૦૬-૨૦૧૭ના પત્રથી બે અલગ અલગ વિભાગ દ્વારા અમલી ટેબ્લેટ યોજનાનો લાભ લાભાર્થીઓ બન્ને જગ્યાએથી લઇ શકે તેવી શક્યતાઓ હોવાથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની ટેબ્લેટ સહાય યોજનામાં સુધારો કરી ધોરણ-૧૨ના તમામ પ્રવાહોમાં પાસ થનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓએ શિક્ષણ વિભાગ દ્વારા અમલી ટેબ્લેટ યોજના અંતર્ગત વિદ્યાર્થીદીઠ રૂ.૧૦૦૦/- ભરેલ હોય તેઓને આ રકમ, આ વિભાગની ટેબ્લેટ સહાય યોજનાની જોગવાઇમાંથી પરત ચુકવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ</u> : -

પુખ્ત વિચારણાના અંતે માતા-પિતા/વાલીની વાર્ષિક આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય ધોરણ-૧૨ના તમામ પ્રવાહોમાં ઉત્તિર્ણ થનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓએ ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય અને વંચાણે લીધેલ ક્રમાંક: (૪) સામેના શિક્ષણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૭ના ઠરાવથી અમલી ટેબ્લેટ યોજના અંતર્ગત રૂ.૧૦૦૦/- ટોકન ફી ભરી ટેબ્લેટ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને તેઓએ ભરેલ રૂ.૧૦૦૦/- ની રકમ આ વિભાગની ટેબ્લેટ સહાય યોજનાની જોગવાઇમાંથી પરત ચુકવવાની(Reimburse) નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

<u>શ ર તો</u> : -

(૧) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા./વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(અ.જા./વિ.જા.)એ શિક્ષણ વિભાગની યોજના હેઠળ રૂ.૧૦૦૦/- ટોકન દરે ભરી ટેબ્લેટ

મેળવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની જરૂરી આધાર પુરાવા સહિતની અરજીઓ મેળવવાની રહેશે.

(૨) શિક્ષણ વિભાગની યોજના હેઠળ ટોકન દરે ભરેલ રૂ.૧૦૦૦/- ડી.બી.ટી.(ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) પદ્ધતિથી આ વિભાગની ટેબ્લેટ સહાય યોજનાની જોગવાઇમાંથી સીધા વિદ્યાર્થીના ખાતામાં પરત ચૂકવવાના(Reimburse) રહેશે.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાએ યોજનાના અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર શિક્ષણ વિભાગની તા.૦૯/૦૭/૨૦૧૭ની નોંધથી તથા નાણા વિભાગની તા.૦૨/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(સંબંધિત નિયામકશ્રી(વિ.જા.ક.)/ નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા./અ.જા.) (સંબંધિત નિયામકશ્રી (વિ.જા.ક.)/ નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(ગ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી/શાખા પસંદગી ફાઇલ.